પરસોડા ગામમાંથી નકલી ડોકટર ઝડપાયો

(પ્રતિનિધિ) બાયડ,

બીમારીના સમયે ડોકટર એટલા માટે યાદ આવે કારણ કે બીમાર દર્દીને ડોકટર માં ભગવાન દેખાય છે ને એક વિશ્વાસ હોય છે કે આ ડોકટર મારી બીમારી દૂર કરશે. ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના પરસોડા ગામમાં બીમાર દર્દીઓ ને સજા કરવાને બદલે બીમાર પાડી દે તેવો એક નકલી ડોકટર ઝડપાયો છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ જીલ્લા એસઓજી પીએસઆઈ સી.એફ.રાઠોડ અને તેમની ટીમે માલપુર વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા પરસોડા ગામમાં મોડાસા શહેરમાંથી આવતો એક શખ્સ તબીબ બની બેઠો હોવાની સાથે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો હોવાની બાતમી મળતા એસઓજી પોલીસ પરસોડા ગામમાં ત્રાટકી મોડાસાના સુથારવાડા વિસ્તારમાં રહેતા

(તસ્વીરઃ દિલીપ પુરોહિત, બાયડ)

બોગસ તબીબને ઝડપી પાડતા સમગ્ર પંથકમાં બોગસ પ્રેકિટસ કરતા તબીબો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા પરસોડા ગામ સહીત સમગ્ર પંથકમાં નકલી તબીબ નરેશ ડાહ્યાભાઈ સુથારની કાળી કરતૂત બહાર આવતા લોકો ચોંકી ઉઠ્યા હતા.

મોડાસા શહેરના સુથારવાડા વિસ્તારમાં રહેતો નરેશ ડાહ્યાભાઈ સુથાર નામનો શખ્સ છેલ્લા કેટલાક વર્ષથી માલપુર તાલુકાના પરસોડા ગામમાં લોકોની આંખોમાં ધૂળ નાખી અસલી તબીબ હોવાના રૂઆબ સાથે કોઈ પણ પ્રકારની ડિગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી બેફામ એલોપેથિક પ્રેકિટસ કરતો હોવાની બાતમીના આધારે એસઓજી પોલીસે પરસોડા ગામમાંથી નકલી તબીબ નરેશ ડાહ્યા સુથારને દબોચી લઇ તેની પાસેથી ૧૭ હજારથી વધુની દવાઓ અને તબીબી સાધનો જપ્ત કરી નકલી તબીબ સામે માલપુર પોલીસ સ્ટેશનમાં ઈપીકો કલમ-૪૧૯ તથા ધ ગુજરાત રજીસ્ટર મેડિકલ પ્રેકિટસ એક્ટ ૧૯૬૩ની કલમ-૩૦ મુજબ ગુન્હો નોંધાવી આગળની તપાસ માલપુર પોલીસને સુપ્રત કરી હતી.

અમેરિકામાં ટેસ્લાએ રેકોર્ડ ૨૨ લાખ વાહનોને રિકોલ કર્યા

(એજન્સી) ન્યુયોર્ક,

અમેરિકામાં ઈલોન મસ્કની કંપની ટેસ્લાએ ૨૨ લાખ વાહનોને રિકોલ કર્યા છે. કોઈપણ કંપની દ્વારા આ અત્યાર સુધીનું સૌથી મોટું રિકોલ છે. અમેરિકાના નેશનલ હાઈવે ટ્રાફિક સેફટી એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે વાહનોના ડેશબોર્ડમાં વોર્નિંગ લાઈટની ખોટી ફોન્ટ સાઈઝને કારણે વાહન કેશ થવાનું જોખમ રહેલું છે.

બે મહિના પહેલા પણ ટેસ્લાએ ૨૦.૩ લાખ વાહનો રિકોલ કર્યા હતા. ત્યારપછી ઓટોપાયલટ એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમમાં સલામતીના નવા પગલાં સ્થાપિત કરવા માટે રિકોલ હાથ ધરવામાં આવી હતી. આ તે સમયની સૌથી મોટી રિકોલ હતી.

ટેસ્લા તેની સ્વાયત્ત ડ્રાઈવિંગ સહાય માટે એનએચટીએસએ દ્વારા તપાસ હેઠળ છે.એનએચટીએસએએ જણાવ્યું હતું કે હાલમાં જે વાહનોને પાછા બોલાવવામાં આવી રહ્યા છે તેમાં ટેસ્લાના મોડલ એસ, મોડલ એક્સ તથા ૨૦૧૭ થી ૨૦૨૩ વચ્ચે બનેલ મોડલ ૩, મોડલ વાય અને ૨૦૨૪ સાયબર ટ્રક સામેલ છે. યુએસ રેગ્યુલેટરે કહ્યું કે ટેસ્લાએ આ સમસ્યાને ઠીક કરવા માટે મફતમાં 'ઓવર-ધ-એર સોફ્ટવેર અપડેટ' જારી કરવાનું શરૂ કર્યું છે. રિકોલ રિપોર્ટ અનુસાર, આ અપડેટ બ્રેક, પાર્ક અને એન્ટીલોક બ્રેક સિસ્ટમ વિઝ્યુઅલ વોર્નિંગ ઈન્ડિકેટર્સના લેટર ફોન્ટ સાઈઝમાં વધારો કરે છે. વાસ્તવમાં, નાના ફોન્ટ સાઈઝવાળી ચેતવણી લાઈટો ઈન્સ્ટ્રૂમેન્ટ પેનલ પરની મહત્વપૂર્ણ સલામતી માહિતી વાંચવી મુશ્કેલ બનાવી શકે છે, અકસ્માતનું જોખમ વધારે છે.

મ્યુનિ. મીમ પાર્ટીએ રૂા.૨૨૩.૫૦ કરોડનું સુધારા બજેટ રજુ કર્યું

(પ્રતિનીધિ) અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સ્ટેન્ડિંગ કમિટિ દ્વારા રૂા.૧૨૨૬૨.૮૩ કરોડનું અંદાજપત્ર મંજુર કરવામાં આવ્યા બાદ મીમ પાર્ટી તરફથી રૂા.૨૨૩.૫૦ કરોડનું સુધારા બજેટ રજુ કરવામાં આવ્યું છે જેમાં નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તેમજ સમસ્યાનો ઝડપી ઉકેલ આવી શકે તે માટે પ્રયત્ન કરવામાં આવ્યા છે સાથે સાથે શાસક પક્ષ દ્વારા રજુ કરવામાં આવતા બજેટ મુજબ વિકાસના કામો થતાં નથી તેવા આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

મ્યુનિ. કોર્પોરેટર રફીકભાઈ શેખ અને મુસ્તાક ખાદીવાલાએ આ અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે શાસક પક્ષના બજેટ પર તેમના તરફથી ૨૨૩ કરોડના સુધારા મુકવામાં આવ્યા છે જેમાં ફાયર વિભાગના અદ્યતન સાધનોની ખરીદી માટે રૂા.૧૫ કરોડ, પૂર્વ પશ્ચિમ ઝોનમાં એનીમલ હોસ્ટેલ બનાવવા માટે રૂા.૧૦ કરોડ, કોટ વિસ્તારમાં મ્યુનિ. બસ ચાલુ કરવા માટે રૂા.૨ કરોડ, જુના એલીસબ્રીજના નવીનિકરણ માટે રૂા.૧૦ કરોડ, મ્યુનિ. મિલકતો પર સોલાર પેનલ લગાવવા માટે રૂા.૮ કરોડ તેમજ હોટમીકસ પ્લાન્ટ માટે રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આી છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તળાવ ડેવલપ કરવા માટે વારંવાર જાહેરાતો કરવામાં આવે છે. તળાવને ડેવલપ માટે ૭૦ ટકા રકમ કેન્દ્ર સરકાર અને ૩૦ ટકા રાજય સરકાર ભોગવે તેવી નીતિ નકકી થયેલી છે તેનો મુખ્ય ઉદ્દેશ ભૂગર્ભ જળસ્તરની સપાટી ઉંચી લાવવાનો છે. દેશમાં કુલ ૧૦૦થી વધુ તળાવો લેક ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે પરંતુ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સદર પ્રોજેકટ અંતર્ગત હજી સુધી એક પણ તળાવ માટે ડીપીઆર મુકવામાં આવ્યો નથી તેવી જ રીતે કેન્દ્ર સરકાર દ્વારા સ્ટ્રીટ વેન્ડર માટે પોલિસી માટે ૨૦૦૯માં બીલ મંજુર કરવામાં આવ્યું હતું. શહેરના નબળા વર્ગના લોકોને વેપાર ધંધા કરી શકે તે માટે સદર પોલીસી તૈયાર કરવામાં આવી હતી જેના માટે મ્યુનિ. કોર્પોરેશને ૨૦૧૬માં ઠરાવ કર્યો હતો પરંતુ હજી સુધી આ પોલિસીનો અમલ તંત્ર દ્વારા કરવામાં આવ્યો નથી. અમદાવાદ શહેરના ઐતિહાસિક જુના એલીસબ્રીજના નવીનિકરણ માટે શાસક પક્ષ દ્વારા દર વર્ષે જાહેરાત કરવામાં આવે છે પરંતુ આ જાહેરાત માત્ર કાગળ પર જ રહે છે તેથી તેમના પક્ષ તરફથી એલીસબ્રિજના નવીનિકરણ માટે રૂા.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

માતા-પિતાએ ઠપકો આપતા તરૂણીએ ગળાફાંસો ખાધો

જામનગરઃ મુળ એમપીના અલીરાજપુરના વતની અને હાલ જામનગરના મોડા ગામની સીમમાં ઘોઘુભાની વાડીએ રહી ખેતમજુરી કરતા હંસાબેન કલમસિંહ ઉર્ફે કમલેશભાઈ પસાયા ઉ.વ.૧૬ નામની તરૂણીને તેના નાનાભાઈ અરવીંદ સાથે મોબાઈલ જોવા બાબતે ઝઘડો થયો હતો. ત્યારબાદ તેણીએ મોબાઈલનો ઘા કરીને તોડી નાખ્યો હતો. જેથી આ બાબતે તેણીને તેના માતાપિતાએ ભાઈ સાથે ઝઘડો અને મોબાઈલ તોડી નાખવા અંગે ઠપકો આપ્યો હતો. જે બાબતનું તેણીને મનમાં લાગી આવતા ઓરડીની આડી અંગ પોલીસને જાણ કરી પોલીસે મૃતદેહ કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મુશ્કેલીના સમયે ઈઝરાયેલને ફરી આવી ભારતની યાદ, બંને દેશ સાથે મળીને ડ્રોન બનાવશે

(એજન્સી) નવીદિલ્હી,

એક તરફ ભારતની ત્રણેય સેના માનવરહિત એરિયલ વ્હીકલ (યુએવી)ના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, તો બીજી તરફ યુદ્ધના મેદાનમાં હમાસ અને હુતીઓને આકરા પડકાર આપતા ઈઝરાયેલે તેની ડ્રોનની જરૂરિયાતો માટે ફરી ભારતની યાદ આવી છે. હવે ભારત અને ઈઝરાયેલની સ્વદેશી કંપની ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં ઈઝરાયેલની જરૂરિયાતો માટે સંયુક્ત રીતે ડ્રોન બનાવશે, જેનું ઉત્પાદન ભારતની ધરતી પર કરવામાં આવશે.

ભારતના અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને ઈઝરાયેલની એલ્બિટ સિસ્ટમ્સ દ્વારા રચાયેલ સંયુક્ત સાહસ ઈઝરાયેલની બહાર ડ્રોનનું ઉત્પાદન કરનાર પ્રથમ પેઢી બની છે. ભારતની આ સ્વદેશી કંપની યુદ્ધમાં ઈઝરાયેલ માટે સંયુક્ત રીતે ડ્રોન બનાવશે. આ છ્ફનું ઉત્પાદન અને વિતરણ હૈદરાબાદમાં કરવામાં આવશે. એટલે કે, જે ભારત અત્યાર સુધી યુદ્ધના સાધનો અને શસ્ત્રો માટે વિદેશી દેશો તરફ આશા રાખતું હતું, તે હવે તેના શસ્ત્રો અને ટેક્નોલોજી વડે વિદેશોમાં ધૂમ મચાવશે.

આ યુએવીનું ઉત્પાદન ટેક્નોલોજી ટ્રાન્સફર કરાર હેઠળ કરવામાં આવી રહ્યું છે. ભારતની સ્વદેશી કંપની એલ્બિટ સિસ્ટમ્સનો તેમાં ૪૯% હિસ્સો છે. ઈઝરાયલે ભારતને હર્મિસ ૯૦૦ની કિટ મોકલી છે. ભારતમાં આ કોમ્બેટ અને એટેક ડ્રોનમાં સેન્સર અને એસેમ્બલીનું કામ કરવામાં આવશે, જેનો ઉપયોગ પછીથી ઈઝરાયેલ યુદ્ધમાં કરશે. આ બાંધકામ માત્ર ભારતીય ધરતી પર ઈઝરાયલ માટે હુમલાખોર ડ્રોનનું ઉત્પાદન જ નહીં કરે, પરંતુ આતંકવાદ સામે તેના મિત્ર દેશો સાથે ભારતની પ્રતિબદ્ધતા પણ સ્થાપિત કરશે.

હર્મિસ ૯૦૦ને ૨૦૧૨માં ઈઝરાયેલી સૈન્યમાં સામેલ કરવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ ૨૦૧૪માં ગાઝામાં હમાસ સામે પ્રથમ વખત કરવામાં આવ્યો હતો. આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચેના બીજા નાગોર્નો-કારાબાખ સંઘર્ષ દરમિયાન પણ હર્મિસ ૯૦૦ તૈનાત કરવામાં આવ્યું હતું.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના વર્તમાન સંઘર્ષમાં હર્મિસ ૯૦૦ યુએવીનો ઉપયોગ મુખ્ય શસ્ત્ર તરીકે કરવામાં આવી રહ્યો છે. ઈઝરાયેલ આ ડ્રોનનો ઉપયોગ માત્ર હુમલાઓ કરવા માટે જ નહીં પરંતુ દરિયાકાંઠાના વિસ્તાર હેઠળના ટનલના નેટવર્કની જાસૂસી કરવા માટે પણ કરે છે. હર્મિસ ૯૦૦એ પેલેસ્ટિનિયન આતંકવાદીઓના નેતાઓને નિશાન બનાવવામાં અને તેમને ખતમ કરવામાં અને વિવિધ લક્ષ્યો પર હુમલો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

૯ વર્ષ જૂના કેસમાં રાકેશ રોશનને રાહત, છેતરપિંડીના ૨૦ લાખ રૂપિયા મળશે

(એજન્સી) મુંબઇ,

રાકેશ રોશન સાથે વર્ષ ૨૦૧૧માં સીબીઆઈ ઓફિસર હોવાનું કહીને બે લોકોએ છેતરપિંડી કરી હતી. રિપોર્ટ્સ મુજબ ૨૦૧૧માં તેને બે લોકોનો ફોન આવ્યો હતો જેમણે સીબીઆઈ ઓફિસર હોવાનું કહીને ૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. આ પછી ફિલ્મમેકરે તેની સામે મુંબઈમાં એન્ટી કરપ્શન બ્યુરોમાં કેસ દાખલ કર્યો હતો. જે બાદ હવે કોર્ટે તેમના પૈસા પરત કરી દીધા છે.

રાકેશ રોશન બોલિવુડના બેસ્ટ ફિલ્મમેકરમાંથી એક છે. તેને એક્ટર તરીકે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. પોતાની લાંબી કરિયરમાં રાકેશ રોશને એવી ઘણી ફિલ્મો બનાવી છે જે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર રહી હતી. હવે હાલમાં તે લાંબા સમયથી ચાલતી કાનૂની લડાઈ માટે ચર્ચામાં છે જેમાં કોર્ટે તેની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

બોમ્બે હાઈકોર્ટે ફિલ્મમેકર રાકેશ રોશન પાસેથી છેતરાયેલા ૨૦ લાખ રૂપિયા પરત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ નાણાં તે ૫૦ લાખ રૂપિયામાં સામેલ છે જે ૨૦૧૧માં તેમની પાસેથી સીબીઆઈ ઓફિસર છે તેમ કહીને બે લોકોએ છેતરપિંડી કરી હતી. રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૧માં રાકેશને બે લોકોનો ફોન આવ્યો હતો જેમણે સીબીઆઈ ઓફિસર હોવાનું કહીને ૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે ૧૩ જૂન ૨૦૧૧ના રોજ ચૂકવવામાં આવી હતી. રાકેશ રોશનને ચૂકવણી બાદ કોઈ જવાબ મળ્યો ન હતો, જેના કારણે તેની શંકા વધી હતી.

રાકેશ રોશને ત્યારપછી આને લઈને મુંબઈમાં એસીબીમાં લેખિત ફરિયાદ કરી હતી. બાદમાં એસીબી દ્વારા હરિયાણાના અશ્વિની શર્મા અને મુંબઈના રાજેશ રંજન નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે તેને આ રીતે અનેક ફિલ્મ સ્ટાર્સ સાથે છેતરપિંડી કરી છે. ઓથોરિટીએ તેમની નવી મુંબઈ, હરિયાણા અને ડેલહાઉસીમાં રૂ. ૨.૯૪ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. આ ઓપરેશન દરમિયાન થોડું સોનું પણ જપ્ત કર્યું હતું.

યુવકનો ઝેરી દવા પી આપઘાત

અમરેલીઃ દામનગરના જે.ડી.પાર્ક ઢસા રોડ પર રહેતા ૨૧ વર્ષીય આશીષભાઈ જીતેન્દ્રભાઈ ઉર્ફે બુધાભાઈ સોલંકીએ અગમ્ય કારણોસર ઝેરી દવા ટીકડીઓ ખાઈ લેતા સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. આ ઘટનાને લઈને પરીવારમાં શોકનો માહોલ છવાયો હતો. પ્રાથમીક સારવાર માટે તેમને દામનગર સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જયાંથી તેમને વધુ સારવાર માટે અમરેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું હતું.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે
મેં મારું નામ **રૂચી શ્રીકાંત ચૌધરી** હતું, જે બદલીને **રૂચી ચૌધરી** કરેલ છે.
સરનામું : ૨૪- સાકેત-૧, એસ.પી. રીંગરોડ, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૮
5406

નામ બદલેલ છે
મેં મારું નામ **શ્રીકાંત મહાવીરચંદ ચૌધરી** હતું, જે બદલીને **શ્રીકાંત ચૌધરી** કરેલ છે.
સરનામું : ૨૪- સાકેત-૧, એસ.પી. રીંગરોડ, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૮
5406A

GUJARAT POLICE
KHEDA POLICE
"સાવધાન રહે, સુરક્ષિત રહે"
જાહેર સૂચના
CALL NOW
કોઈ પણ પ્રકારની આપત્તિ કે કોઈપણ પ્રકારની ઘટના કે ગુન્હા અંગેની જાણ માટે પોલીસની મદદ અર્થે ડાયલ કરો
નંબર ૧૦૦
પોલીસ/TRB ની વર્તણૂક વિરુદ્ધમાં ફરિયાદ કરવી હોય તો ડાયલ કરો
નંબર ૧૪૪૪૯
કોઈ પણ સરકારી કર્મચારી લાંચની માંગણી કરે તો ડાયલ કરો
નંબર ૧૦૬૪
ખેડા પોલીસ પરીવાર સાથે સોશીયલ મિડીયા પર જોડાવા લાઇક અને શેર કરો. @spkheda @khedapolice
DIAL 100 | DIAL 181 | DIAL 14567 | DIAL 1930

આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના વિદ્યાર્થીઓ આંતર કોલેજ કક્ષાએ ઝળક્યા

(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ) વાપી,

વાપી સ્થિત કે.બી.એસ કોલેજ દ્વારા આંતર કોલેજ સ્પર્ધા 'રિવર ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો અને તેમની અંદર છુપાઈ રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવી કોલેજનું ગૌરવ વધાર્યું છે જેમાં 'હેંડી ક્રાફ્ટ મેકીંગ' સ્પર્ધામાં પ્રથમ ક્રમે સાયન્સ વિભાગના એફ.વાય.બી.એસ.સીના માઈક્રબાયોલોજીમાં અભ્યાસ કરતા બંસારી પટેલ અને બીજા ક્રમે એસ.વાય.બીએડ્ના તાલીમાર્થી ધ્રિંજલ પટેલ તેમજ પોસ્ટર મકિંગ સ્પર્ધામાં બીજા ક્રમે એસ.વાય. બીએડ્ના તાલીમાર્થી નિહારિકા પટેલ અને સોલો ડાન્સમાં ત્રીજા ક્રમે એસ.વાય. બીએડ્ની તાલીમાર્થી કાજલ જોશી ઈલોક્યુશન સ્પર્ધામાં બીજા ક્રમે ટી.વાય.બી.બી.એમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની આરતી ભાનુશાલી અને ફસ્ટ ઈન એડ મેડ શોવ સ્પર્ધામાં બીજા ક્રમે સુર્યા સુદર્શન એન્ડ બી.બી.એ ગ્રુપએ પ્રાપ્ત કર્યો છે તેમજ આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજને 'ચેમ્પિયનશિપ ટ્રોફી' એનાયત કરવામાં આવી હતી .આ જલ વંત સિદ્ધિઓ હાંસલ કરવા પાછળ સંસ્થાના અધ્યાપકો પ્રા.પૂજા સિદ્ધપુરા, મિતેન ભંડારી અને પ્રફુલ પટેલએ મહત્વની ભૂમિકા અદા કરી છે. આ હળઝડતી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા તથા કોલેજનું નામ રોશન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલન દેસાઈ તથા કોલેજ પરિવારના સર્વ આચાર્યો અને અધ્યાપકોએ આનંદની અનુભૂતિ સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

કોર્ટે ભાજપા સાંસદ રીટા બહુગુણાને ૬ મહિનાની જેલની સજા ફટકારી

(એજન્સી) લખનૌ,

લખનૌ એમપી એમએલએ કોર્ટે પ્રયાગરાજના બીજેપી સાંસદ રીટા બહુગુણા જોશીને ૬ મહિનાની જેલની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૨માં તેઓ વિધાનસભા ચૂંટણી દરમિયાન આચારસંહિતાનો ભંગ કરવા બદલ દોષી સાબિત થયા હતા. આ મામલે લખનૌના કૃષ્ણા નગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. એમપીએમએલએ કોર્ટના સ્પેશિયલ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અંબરીશ કુમાર શ્રીવાસ્તવે સજા સાથે કોર્ટે દંડ પણ ફટકાર્યો છે.

ભાજપા સાંસદ રીટા બહુગુણા જોશી લખનઉના કેન્ટ વિધાનસબા બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. જો કે ચૂંટણી પહેલા કરાતા પ્રચારમાં તેમણે આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યુ હોવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. અને આ મામલે તેમના પર કોર્ટમાં કેસ પણ દાખલ કરાયો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સાંજે લગભગ ૬.૫૦ વાગ્યે લખનૌના કેન્ટ વિધાનસભા ક્ષેત્રમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે કૃષ્ણનગરના બજરંગ નગર વિસ્તારમાં રિટા બહુગુણા પ્રચાર કરી રહ્યા હતા. દરમ્યાન ચૂંટણી આચાર સંહિતા મુજબ પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ પણ તેમને જાહેર સભાને સંબોધી હતી. અધિકારીઓને આ વાતની જાણ થતાં જ સ્ટેટિક સર્વેલન્સ મેજિસ્ટ્રેટ મુકેશ ચતુર્વેદી ઘટનાસ્થળે પહોંચી ગયા. ત્યાં તેમણે રીટા બહુગુણા જોશીને બજરંગ નગરમાં લગભગ ૫૦ લોકોની ભીડ સાથે મીટિંગ કરતા જોયા. જે કેમેરામાં કેદ થયો હતો. આ મામલે ચતુર્વેદી વતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

AHMEDABAD MUNICIPAL CORPORATION
(ENGINEERING TRAFFIC PROJECT DEPARTMENT)
Tender Notice No:-94/2023-24/01
Name of Work:- Different kind of Traffic Allied work. 01

ONLINE TENDER SUBMISISION UP TO:	Date 01/03/2024, UP TO 17.00 HRS
DETAILS & TENDERS AVAILABLE ON:	www.tender.nprocure.com

Franklin Templeton Mutual Fund
Cordially invites you for a program under it's **Investor Education and Awareness Initiative.**
Venue :
Regenta Inn, Arved Transcube Plaza, Behind D'Mart, Bandhu Nagar, Vijay Nagar, Ranip, Ahmedabad - 382480.
Date: 11th February, 2024
Time: 11:00 am
Contact Person: Abhishek Sharma (9601250290)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

આઇટીસી નર્મદાની સિગ્નેચર રેસ્ટોરેન્ટ ચાઇનિઝ નવા વર્ષની ઉજવણી કરશે

અમદાવાદ,

પરંપરાઓ, દંતકથાઓ અને સ્વાદિષ્ટ વાનગીઓ એ લ્યુનાર ન્યૂ યર કે સ્પ્રિંગ ફેસ્ટિવલ તરીકે પણ ઓળખાતા ચાઇનિઝ નવા વર્ષની ખાસિયતો છે. ચાઇનિઝ નવું વર્ષ કે જેની ઉજવણી યર ઑફ ડ્રેગન તરીકે થવા જઈ રહી છે, તેના માટે આઇટીસી નર્મદાએ એક અદભૂત ફૂડ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે, જેમાં તે તેના પ્રશંસકોને અધિકૃત ઓરિયેન્ટલ વાનગીઓ સ્વાદ માણવાનો મોકો આપશે. ચાઇનિઝ ન્યૂ યર - યર ઑફ ડ્રેગન ફૂડ ફેસ્ટિવલમાં આઇટીસી નર્મદાની સિગ્નેચર પેન એશિયન રેસ્ટોરેન્ટ યિ જિંગ ખાતે ૯થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન ડિનરના સમયે ડાઈનિંગના કદી ભૂલી ના શકાય તેવા અનુભવ મારફતે વૈવિધ્યસભર ચાઇનિઝ વાનગીઓ પીરસવામાં આવશે.

શેફ વાંગ પેંગ દ્વારા આ ફૂડ ફેસ્ટિવલ માટેના મેનૂને ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે, જેઓ યિ જિંગ ખાતે ચાઇનિઝ વાનગીઓના માસ્ટર શેફ છે. શેફ વાંગએ છેલ્લાં લગભગ અઢી દાયકાથી ઓરિયેન્ટલ અને પેન એશિયન વાનગીઓમાં તેમની પાકકળાના કૌશલ્ય અને કૂકિંગની જટિલ શૈલી રજૂ કરીને સ્વાદના રસીયાઓના દિલ જીતી લીધાં છે.

અમદાવાદમાં જાવેદ હબીબ સલુનનાં દસમાં આઉટલેટ્નો આરંભ

અમદાવાદ,

ભારતમાં ટોચની હેર અને બ્યુટી સલુન બ્રાન્ડ જાવેદ હબીબ સલુનનાં આઉટલેટનો આજે શહેરનાં આનંદનગર રોડ પર કૃષ્ણા ટાવર્સમાં આરંભ થયો છે. અમદાવાદમાં જાવેદ હબીબ સલુનનું આ દસમું અને ગુજરાતમાં ૨૭મું આઉટલેટ છે. આનંદનગર રોડ પર શ્રી કૃષ્ણા ટાવર્સમાં આરંભાયેલા આ સલુનનું ઉદઘાટન જાવેદ હબીબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંધજન મંડળનાં ૧૦ અંધજનો(દિવ્યાગ)ને નિઃશુલ્ક વાળની ટ્રીટમેન્ટ કરી આપવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય હેર સ્ટાઈલીસ્ટ જાવેદ હબીબે આ પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં સાતમાં જાવેદ હબીબ હેર સલુનનો આરંભ કરતાં મને ઘણો આનંદ થાય છે. અમદાવાદ જેવા ટોચના મેટ્રો શહેરોમાં હેર ડિઝાઈન અને સ્ટાઈલીંગની સભાનતા વધી રહી છે. આ સલુનથી વાળની ઉત્કૃષ્ટ માવજત અને સ્ટાઈલીંગ કરવાવા ઈચ્છુક ચાહકોની જરૂરિયાત સંતોષાશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આપણે જેમ શરીરના દરેક અંગોની જાળવણી માટે સભાન રહીએ છીએ, તેમ વાળની માવજત અંગે પણ જાગૃત રહેવું જોઈએ. વાળની માવજત માટે રોજ વોશ કરવા જોઈએ.

ashima LIMITED
Regd. Office : Texcellence Complex, Near Anupam Cinema, Khokhara, Ahmedabad - 380 021, Gujarat, India.
CIN : L99999GJ1982PLC005253;
E-mail: texcellence@ashima.in; **Tel:** +91-79-67777000; **Fax:** +91-79-22773061; **Website :** www.ashima.in

EXTRACT OF STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED ON 31ST DECEMBER, 2023

(Rs. in lacs, except per share data)

Sr. No.	Particulars	(Unaudited) Quarter ended 31/12/2023	(Unaudited Nine Months ended 31/12/2023	(Unaudited) Quarter ended 31/12/2022
	Continuing Operations			
1	Total Income from Operations	7,950	18,434	5,888
2	Net Profit/(Loss) for the period before tax and Exceptional items	350	64	31
3	Net Profit/(Loss) for the period before tax and after Exceptional items	350	64	(284)
4	Net Profit/(Loss) for the period after tax and Exceptional items	350	64	(284)
	Discontinued Operations			
5	Net Profit/(Loss) for the period before tax and Exceptional Items	(5)	(5)	51
6	Net Profit/(Loss) for the period before tax and after Exceptional items	(5)	(5)	51
7	Net Profit/(Loss) for the period after tax and Exceptional items	(5)	(5)	51
	Total for Continuing and Discontinued Items			
8	Net Profit/(Loss) for the period after tax and Exceptional items	344	60	(233)
9	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	344	60	(233)
10	Paid up Equity Share Capital (Face value of Rs. 10/- each)	19,166	19,166	19,166
11	Earnings per share [EPS] (of Rs.10/- each)			
	Basic and diluted EPS [in Rs.] - Continuing and Discontinued operations	0.18	0.03	(0.12)

Notes:
1 The above is an extract of the detailed format of the Unaudited Financial Results for the quarter and nine months ended 31st December, 2023 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Unaudited Financial Results for the quarter and nine months ended 31st December, 2023 are available on the websites of BSE Ltd. at **www.bseindia.com**, National Stock Exchange of India Ltd. at **www.nseindia.com** and on the website of the Company at **www.ashima.in**
2 The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on 8th February, 2024.

For, ASHIMA LIMITED
CHINTAN N. PARIKH
CHAIRMAN & MANAGING DIRECTOR
DIN: 00155225
Place: AHMEDABAD
Date: 8TH FEBRUARY, 2024

ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.હરાજી નોટિસ

આથી, જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.એ મુદતવીતી અથવા કસૂર કરેલ અથવા માર્જિન ભંગ કરનારા સંબંધિત ગ્રાહકોના